| ચિન્હ તથા તિલનું વર્ણન | | | | |
|---|---|---|---|---|
| **અંગનું નામ** | **ચિન્હનું વર્ણન** | **સંખ્યા** | **તિલનું વર્ણન** | **સંખ્યા** |
| જમણા ચરણમાં ૧૮ ચિન્હ ૪ તિલ | ચરણારવિંદના તળા અતિ મુલાયમ અને અળતા જેવા રાતાં અતિ કોમળ છે. જેમાં જમણા ચરણમાં | | | |
| | ❖ ઉર્ધ્વરેખા, અષ્ટકોણ, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ, પદ્મ<br>❖ અંગૂઠામાં રાતું ચિન્હ રેખા જેવું સ્હેજ જાડું તેજસ્વી છે.<br>❖ પાંચ આંગળીઓ ઉપર ઝીણાં ઝીણાં રોમના ચિન્હ<br>❖ અંગૂઠા તથા તેની પાસેની આંગળીનાં મૂળ આગળ વચમાં ચાખડીના ઘસારાના ચિન્હ<br>❖ જમણા પગના સાથળમાં ખાંપો વાગ્યો હતો તેનું ચિન્હ<br>❖ ઘૂંટી ઉપર આસનના ઘસારાનું ચિન્હ | ૯<br>૧<br>૫<br>૧<br>૧<br>૧ | ❖ અંગૂઠાની બહારની કોરે એક તિલ<br>❖ અંગૂઠા પાસેની આંગળી ઉપર અંગૂઠા તરફની બાજુ, મૂળથી સ્હેજ આગળ ઉપર એકતિલ<br>❖ છેલ્લી આંગળીના ટેરવા ઉપર સ્હેજ બહારની બાજુએ એક તિલ<br>❖ ઘૂંટીથી ઉપરના ભાગે નળા ઉપર બહારના પડખે એક તિલ | ૧<br>૧<br>૧<br>૧ |
| ડાબા ચરણમાં ૧૭ ચિન્હ ૨ તિલ | ડાબા ચરણમાં પણ ઉર્ધ્વરેખા છે પરંતુ ગણત્રી માટે બન્ને ચરણની રેખા એક વખત લેવાય છે. | | | |
| | ❖ ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ્ય, મીન, અર્ધચંદ્ર, વ્યોમ<br>❖ ડાબા પગના તળીયામાં સ્હેજ બહારના પડખે બે નાના શ્યામ ચિન્હ<br>❖ પાંચ આંગળીઓ ઉપર ઝીણાં ઝીણાં રોમના ચિન્હ<br>❖ અંગૂઠા તથા તેની પાસેની આંગળીનાં મૂળ આગળ વચમાં ચાખડીના ઘસારાના ચિન્હ<br>❖ ઘૂંટી ઉપર આસનના ઘસારાનું ચિન્હ<br>❖ ડાબા ઢીચણ ઉપર બહારના ભાગે મોટું શ્યામ ચિન્હ | ૭<br>૨<br>૫<br>૧<br>૧<br>૧ | ❖ ઘૂંટીથી ઉપરના ભાગે નળા ઉપર બહારના પડખે બે તિલ છે. તેમાં નીચેની બાજુનો તિલ સ્હેજ મોટો છે અને તેની ઉપરની બાજુએ મોટા તિલની લાઇનમાં બીજો નાનો તિલ | ૨ |
| કમરથી લઇ ગળાની નીચે સુધી સન્મુખ ભાગે ૭ ચિન્હ ૨૬ તિલ | ❖ કમર ઉપર ધોતિયું પહેર્યાના ઘસારાના બન્ને બાજું શ્યામ ચિન્હ<br>❖ ઉદરમાં સુંદર ત્રિવળી બિરાજે છે.<br>❖ છાતીમાં બન્ને સ્તન વચ્ચેના ખાડામાં રોમનું શ્રીવત્સનું ચિન્હ<br>❖ છાતીમાં સ્હેજ ઉપર જમણી બાજુએ કેસરી રંગનું તેજસ્વી સ્હેજ ચઢીયાતું રમણીય પાંચ તસુ પહોળું અર્ધચંદ્રાકાર ચિન્હ<br>❖ છાતીમાં બન્ને બાજુએ સ્તનની ઉપરના ભાગે છાપનું ચિન્હ | ૨<br>૧<br>૧<br>૧<br>૨ | ❖ નાભિ ઊંડી, ગોળ અને ગંભીર છે. તેના જમણા કાઠા ઉપર એક તિલ અને ડાબા કાઠા ઉપર સ્હેજ દૂર એક તિલ<br>❖ જમણા પડખામાં ઊભી ઓરે એક મોટો અને એક નાનો એમ બે તિલ<br>❖ ડાબા પડખામાં ઊભી ઓરે ચાર ચાર તિલની બે લાઇન છે. અંદરની લાઇનમાં મોટા અને બહારની લાઇનમાં નાના તિલ છે.<br>❖ નાભિ ઉપર ત્રિવળીના વળમાં આડી રેખાના મધ્યમાં એક અને સાઇડમાં બે એમ ત્રણ તિલ<br>❖ મધ્યના તિલની ઉપર બીજો એક તિલ છે.<br>❖ છાતીમાં અર્ધચંદ્રાકાર ચિન્હની મધ્યમાં ડાબી બાજુએ એક મોટો તિલ છે. તેનાથી ડાબી બાજુ ચાર તસુ દૂર બીજો એક તિલ અને તેનાથી ડાબી બાજુ બે તસુ દૂર સ્તન ઉપર બીજો એક તિલ છે.<br>❖ જમણા પડખામાં બગલની નીચે ઊભી ઓરે ચાર તિલ છે.<br>❖ ડાબા પડખામાં બગલની નીચે નાના ત્રણ તિલ છે. | ૨<br>૨<br>૮<br>૩<br>૧<br>૩<br>૪<br>૩ |

| ચિન્હ તથા તિલનું વર્ણન | | | | |
|---|---|---|---|---|
| અંગનું નામ | ચિન્હનું વર્ણન | સંખ્યા | તિલનું વર્ણન | સંખ્યા |
| વાંસામાં ચિન્હ નથી<br>૯ તિલ | ❖ ચિન્હ નથી. | | ❖ વાંસામાં ડાબા પડખે ખભાથી નીચે રોમે સહિત એક તિલ<br>❖ તેની નીચે અનુક્રમે થોડે થોડે દૂર બીજા બે તિલ<br>❖ જમણા ભાગમાં કરોડથી નજીક મધ્યમાં ચતુષ્કોણ આકારે ચાર તિલ<br>❖ જમણી બાજુ ગરદન નીચે મોટો એક તિલ<br>❖ જમણી ખરપડી ઉપર એક તિલ | ૧<br>૨<br>૪<br>૧<br>૧ |
| જમણી ભૂજામાં<br>૨ ચિન્હ<br>૭ તિલ | ❖ જમણી ભૂજા ઉપર ખભાથી સ્હેજ નીચે છાપનું મોટું ચિન્હ છે અને પહોચાથી સ્હેજ ઉપર માંહેલી કોરે મધ્યમાં છાપનું નાનું ચિન્હ છે. | ૨ | ❖ ખભાથી નીચે બહારની બાજુએ ઊભી લાઇનમાં ચાર તિલ<br>❖ કોણીથી નીચે બહારની બાજુએ બીજા બે તિલ<br>❖ ટચલી આંગળીના મૂળથી આગળ અને કાંડા પહેલા પંજા ઉપર મધ્યે એક તિલ | ૪<br>૨<br>૧ |
| ડાબી ભૂજામાં<br>૨ ચિન્હ<br>૪ તિલ | ❖ ડાબી ભૂજા ઉપર ખભાથી સ્હેજ નીચે છાપનું મોટું ચિન્હ છે અને પહોચાથી સ્હેજ ઉપર માંહેલી કોરે મધ્યમાં છાપનું નાનું ચિન્હ છે. | ૨ | ❖ ડાબી ભૂજા ઉપર કોણીથી સ્હેજ નીચે આગળની બાજુએ એક તિલ<br>❖ પંજા ઉપર બરાબર વચ્ચે એક મોટો તિલ<br>❖ તર્જની આંગળી ઉપર મૂળમાં મધ્યમા આંગળીની સાઇડમાં એક તિલ<br>❖ તર્જની આંગળી ઉપર નખથી સ્હેજ નીચે અંદરને પડખે એક તિલ | ૧<br>૧<br>૧<br>૧ |
| ગળાથી શિખા પર્યન્તના અંગો<br>૬ ચિન્હ<br>૧૧ તિલ | ❖ જીભના મધ્યે શ્યામ બિંદુ રૂપે ચિન્હ<br>❖ જમણી કોરની નીચલી પ્રથમ દાઢમાં શ્યામ બિંદુ રૂપે ચિન્હ<br>❖ ડાબ કાનમાં અંદર એક શ્યામ ચિન્હ<br>❖ નાસિકા ઉપર શીળીના ઝીણાં ચિન્હ<br>❖ ભાલમાં તિલક આકારે ઊભી બે રેખાનું ચિન્હ<br>❖ ભાલમાં માથાના વાળની નજીક જમણી બાજુ એક શ્યામ ચિન્હ | ૧<br>૧<br>૧<br>૧<br>૧<br>૧ | ❖ ગળામાં એક મોટો તિલ અને તેની ઉપર બીજો નાનો તિલ<br>❖ દાઢીની નીચે એક તિલ<br>❖ નાસિકાની જમણી બાજુ ગાલ ઉપર એક મોટો તિલ અને આંખના ખૂણાની સ્હેજ નીચે એક નાનો તિલ<br>❖ જમણા કાનની બૂટ ઉપર એક તિલ<br>❖ શિર ઉપર તાળવામાં એક તિલ<br>❖ શિખાના મૂળથી સ્હેજ આગળની કોરે એક તિલ<br>❖ પાછળ શિખાની જમણી કોરે ઊભી લાઇનમાં ત્રણ તિલ | ૨<br>૧<br>૨<br>૧<br>૧<br>૧<br>૩ |

| | |
|---|---|
| જમણા ચરણમાં તળીયાથી સાથળ સુધી | ૧૮ ચિન્હ ૦૪ તિલ |
| ડાબા ચરણમાં તળીયાથી સાથળ સુધી | ૧૭ ચિન્હ ૦૨ તિલ |
| કમરથી ગળા સુધી આગળના ભાગમાં | ૦૭ ચિન્હ ૨૬ તિલ |
| વાંસામાં | ૦૦ ચિન્હ ૦૯ તિલ |
| જમણી ભૂજા | ૦૨ ચિન્હ ૦૭ તિલ |
| ડાબી ભૂજા | ૦૨ ચિન્હ ૦૪ તિલ |
| ગળાથી શિખા પર્યન્ત | ૦૬ ચિન્હ ૧૧ તિલ |
| કુલ : | ૫૨ ચિન્હ ૬૩ તિલ |